**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

ક્રમાંક : એસ.વી.સી. ૧૦૬૪-૨૨૩૬૬-હ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી ઓક્ટોબર, ૧૯૭૦.

**પરિપત્ર**

આ વિભાગના પરિપત્ર ક્રમાંક : એસવીસી-૧૦૬૪/૨૨૩૬૬/હ, તા. ૨૫મી માર્ચ, ૧૯૬૮માં મુકરર થયાં મુજબ જુદા જુદા વિભાગો તરફથી તેમાં જણાવ્યા મુજબના કિસ્સાઓમાં તકેદારી પંચની સલાહ મેળવવામાં આવે છે. આ ઉપરાંત સરકારશ્રી આથી એવું ઠરાવે છે કે આ વિભાગના તા. ૨૫મી માર્ચ, ૧૯૬૮ના પરિપત્રમાં જણાવ્યા મુજબના આક્ષેપો અંગે રાજ્યપત્રિત અધિકારીઓ સામે કોઈ આક્ષેપો કરતી અરજી ન મળેલ હોવા છતાં મળેલી બાતમીના આધારે કે બીજા કોઈપણ કારણથી તપાસ કરાવવામાં આવે ત્યારે તેવા કેસોમાં પણ તા. ૨૫મી માર્ચ, ૧૯૬૮ના પરિપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય તકેદારી પંચની સલાહ મેળવવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**હ. ક. ખાન**

સરકારના નાયબ સચિવ

---

***ખાતાકીય તપાસમાં સાક્ષીઓને***
***વિનંતી પત્રો (સમન્સ) મોકલવા બાબત.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : એસ.વી.સી. ૧૩૭૦-૪૦૩-૪ (૨) હ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૭૧.

**પરિપત્ર**

ખાતાકીય તપાસ દરમિયાન બિન સરકારી સાક્ષીઓને હાજર રાખવા બાબતના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૨મી ઓક્ટોબર, ૧૯૬૫ના પરિપત્ર ક્રમાંક : ખતત-૧૦૬૫-૩૯૭૫-ગ, તથા ખાતાકીય તપાસ માટેની સૂચનાઓ બાબતના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭મી મે, ૧૯૬૮ સરકારી પરિપત્ર ક્રમાંક : સીડીઓ/૧૦-૮-૯૨૭-ગ,ના પેરા-૪માં અંશતઃ સુધારો કરી સરકારે એવો નિર્ણય લીધેલ છે કે લાંચ રુશ્વત વિરોધી ખાતાના અહેવાલ પરથી શરૂ કરવામાં આવેલ ખાતાકીય તપાસના કેસોમાં બીન સરકારી સાક્ષીઓને હાજર રહેવાના જે ''સમન્સ'' બજાવવામાં આવે તે ''સમન્સ'' લાંચ રુશ્વત વિરોધી ખાતાના માણસ મારફત બજાવવામાં આવે, બીન સરકારી સાક્ષીઓને સમન્સ/(વિનંતી પત્ર) મોકલનાર સક્ષમ અધિકારીઓએ આવા સમન્સ સમયસર એટલે કે જે તારીખે સાક્ષીઓને હાજર રાખવા જરૂરી હોય તેના દસ દિવસ પહેલાં નિયામકશ્રી લાંચ રુશ્વત વિરોધી ખાતાને મોકલી આપવા. અન્ય કિસ્સાઓમાં અત્યારની પ્રથા ચાલુ રાખવી એટલે કે તેવા કિસ્સાઓમાં ''સમન્સ'' લાંચ રુશ્વત વિરોધી ખાતા મારફત બજાવવામાં આવશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વે. વે. રામસુબ્બારાવ**

સરકારના નાયબ સચિવ